# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધન સહાય



ગાંધીનગર, તા. ૧૨

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સમદર્શન આશ્રમ, ઍમ પી ચૌધરી ચૅરીટેબલ ટ્રસ્ટ તથા ગાંધીનગર ઍજ્યુકેશન ફાઉન્ડેશન સાથે મળીને ભીલોડા તાલુકાની ૧૨ સ્કૂલ્સમાં અભ્યાસની વિવિધ સામગ્રીનું વિતરણ સોમવારે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેઠળ અણસોલ, મોટા સામેરા, ઓઠાપહાડીયા, રંગપુર, શામળાજી, ભવાનપુર-૧,૨, શામળપુર, વજાપુર, ગઢીયા, મેરાવડા તથા ખીલોડાની પ્રાથમિક શાળાનાં તમામ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા. ૯૦ દફ્તર, ૮૦૨ ચોપડા, ૨૦૦ પૅકેટ વૅક્સ કલર, ૧૨૦ પૅકેટ કલર પૅન્સિલ, ૪૦ કંપાસબૉક્સ તથા ૧૨૦ પૅન્સિલનું વિતરણ નરેશ ચૌધરી તથા મિલિન્દ ગુપ્તેના હસ્તે કરવામાં આવ્યું હતું.

ગામેતીભાઈ તથા સ્ટાફમિત્રો પણ આ સેવાકાર્યમાં જોડાયા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓને સંબોધન કરતાં મિલિન્દભાઈએ આરોગ્ય સભાનતા વિશે વિગતે માહિતી આપી હતી.

રૉટરી યુથ ઍક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત

# પાંચ વિદ્યાર્થીઓ વિદેશની વાટે



રૉટરી ક્લબ ઈન્ટરનેશનલ યુથ ઍક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત ગાંધીનગરના પાંચ યુવા વિદ્યાર્થીઓ વિદેશયાત્રાએ જઇ રહ્યા છે, જેમને શુભેચ્છા આપવા માટે એક કાર્યક્રમનું આયોજન સોમવારે સાંજે કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં બોલતાં રૉટરી ક્લબ ઑફ ગાંધીનગરના પ્રમુખ ઍન પી પટેલે જણાવ્યું હતું કે રૉટરી યુથ ઍક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત આ વર્ષે મૈત્રી ગુંજન જૈન, ઈશિત સુરેશ પટેલ, પ્રણવ ચૈતન્ય શુક્લ, કૃપાંશી કે જહા અને રૈવત ઊર્મિલ વેદની પસંદગી કરવામાં આવી છે. ત્રણ વિદ્યાર્થીઓ બેલ્જિયમ અને બે જર્મની જઈ રહ્યા છે, જ્યાં જુલાઈ-ઑગષ્ટ માસ દરમ્યાન ઈન્ટરનેશનલ ઍક્સચેન્જ મીટમાં તેઓ ભાગ લેશે. તેમણે સંસ્થા અને ગાંધીનગર વતી વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.

ડૉ. દીપક બારોટ અને દિલીપભાઈ પટેલે પાંચેય વિદ્યાર્થીઓને સદર કાર્યક્રમ અને ટુર અંગે વિશદ માર્ગદર્શન આપ્યું હતું.

## જન્મદિને વધામણી



લક્ષ્મીબેન ચીમનભાઈ પ્રજાપતિ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

# ઍમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજમાં આવકાર તથા સન્માન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૨

ઍમ પી શાહ ઍજ્યુકેશન સોસાયટી સંચાલિત ઍમ પી શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, કડી ખાતે કૉલેજમાં નવા આવેલાં વિદ્યાર્થીનીઓનો આવકાર સમારોહ યોજવામાં આવ્યો હતો. સિનિયર વિદ્યાર્થીનીઓ અને સ્ટાફ દ્વારા પુષ્પ અને સાકર આપીને નવાં વિદ્યાર્થીનીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

સમારોહ અંતર્ગત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓમાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનારાં વિદ્યાર્થીનીઓને ઈનામો આપીને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. ડૉ. મનસુખભાઈ પટોલિયાએ કૉલેજના સમગ્ર સ્ટાફનો પરિચય આપ્યો હતો. મુખ્ય મહેમાન પ્રિ. ડૉ. પ્રકૃતિબહેને વિદ્યાર્થીનીઓને પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું.

કાર્યક્રમનાં કો-ઓર્ડિનેટર સંગીતાબેન આચાર્યએ પ્રિન્સિપાલ ડૉ. હિનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમને સફળતાપૂર્વક સંપન્ન કર્યો હતો.

ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાનના

# પ્રયોગશાળા બિલ્ડિંગનું ખાતમુહૂર્ત કરાયું

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલના સક્ષમ અને દૂરંદેશીભર્યા નેતૃત્વ હેઠળ રાજ્ય તમામ ક્ષેત્રોમાં ઝડપી વિકાસ સાધી રહ્યું છે અને દેશના અન્ય રાજ્યો માટે ઉદાહરણ પુરું પાડી રહ્યું છે. તમામ ક્ષેત્રોના સર્વાંગી વિકાસ માટે કટીબદ્ધ રાજ્ય સરકારે વિવિધ નવતર અને પ્રસંશનીય પહેલ કરી છે, જે અંતર્ગત પર્યાવરણની સમસ્યાના નર અને કાયમી ઉકેલ માટે ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી) માટે પ્રયોગશાળા બિલ્ડિંગના નિર્માણની યોજના ઘડવામાં આવી છે.



આ યોજનાને ઝડપથી અમલમાં મૂકવા માટે મંગળવારે ગાંધીનગરમાં સેક્ટર-૨૫ ખાતે રાજ્ય સરકારના વન અને પર્યાવરણ, આદિજાતિ વિકાસ મંત્રી મંગુભાઈ પટેલ તથા રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ, મત્સ્ય ઉદ્યોગ મંત્રી બચુભાઈ ખાબડના વહદહસ્તે પ્રયોગશાળા બિલ્ડિંગનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ ગેમીના નિયામક ડો. સંજીવ ત્યાગીએ મહેમાનોનું સ્વાગત કરીને કર્યો હતો અને ત્યારબાદ ગેમીના વરિષ્ઠ અધિકારી નિતાશા ખત્રીએ ગેમી અને ગેમી ભવનનું બ્લૂપ્રિન્ટ પ્રેઝન્ટેશન કરીને ઉપસ્થિત લોકોને ભાવિ યોજના અને ઉદ્દેશ્યો અંગે સમજ આપી હતી. આ પ્રસંગે મંત્રી મંગુભાઈ પટેલે જણાવ્યું હતું કે, અગાઉના વર્ષોમાં ગુજરાત પાસે ઉદ્યોગોને પર્યાવરણીય નિષ્ણાત સલાહ આપે તેવી કોઈ સંસ્થા જ ન હતી. રાષ્ટ્રીય સ્તરે નાગપુરમાં નેશનલ એનવાયર્નમેન્ટ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ એટલે કે નીરી નામની સંસ્થા કાર્યરત હતી. જોકે, ગુજરાત સરકાર રાજ્યની પર્યાવરણની સમસ્યાના ઉકેલ માટે રાજ્ય સ્તરીય સંસ્થાની રચનાનો અભિગમ ધરાવતી હોઇ ગેમીની સ્થાપના કરવામાં આવી હતી.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, ગેમી પર્યાવરણ સંશોધન અને વ્યવસ્થાપન સંસ્થા તરીકે ઉભરી આવશે તથા રાજ્ય સ્તરના જ નહીં, પરંતુ રાષ્ટ્રીય સ્તરના વિદ્યાર્થીઓ, સંશોધકો, પ્રોફેસર્સ, વહીવટકર્તાઓ અને પ્રદૂષણ નિયંત્રકો તથા પર્યાવરણ સંરક્ષણમાં સક્રિય લોકોને આકર્ષશે. ગેમીની લેબોરેટરીમાં ગંદા પાણી, હવા, સુક્ષ્મ જીવાણુઓ અને માટીની ચકાસણી સંબંધિત થયેલી કામગીરીને પણ તેમણે બિરદાવી હતી.

અગ્ર મુખ્ય વનસંરક્ષક અને ફોરેસ્ટ ફોર્સના વડા ડો. દિનેશ મિશ્રા તથા વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.એસ. ડાગુરે ઉપસ્થિત લોકોને સંબોધની ગેમીની કામગીરી તથા ભાવિ લક્ષ્યો અંગે ચર્ચા કરી હતી. આ પ્રસંગે ગાંધીનગર (ઉત્તર)ના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, (દક્ષિણ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોર અને ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ગેમીના નાયબ પર્યાવરણ ઈજનેર પરેશ ચાવડાએ ઉપસ્થિત મહાનુભાવો અને કર્મચારીઓનો કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા બદલ આભાર વ્યક્ત કરીને કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

# સંબંધોને નિભાવવા એટલે ભીષ્મ પ્રતિજ્ઞા પાળવા જેટલું કઠિન




માનવીય સંબંધો વિષેના એક સર્વેનું તારણ એવું કહે છે કે કોઈપણ એક વ્યક્તિ માટે કોઈપણ એક સમયે લગભગ દોઢસોથી વધુ વ્યક્તિઓ સાથે જીવંત સંબંધો રાખવા ખૂબ જ મુશ્કેલ છે. આ સર્વે એ સમયે થયો હતો જયારે સોશિયલ મીડિયાની બોલબાલા ન હતી. આજના સોશિયલ મીડિયાના જમાનમાં કદાચ આ તારણ જુદું હોઈ શકે.

એક વ્યક્તિ છે જેમણે લગભગ ચોત્રીસ વર્ષ પહેલાં કોલેજ પૂરી કરી. ત્યાર પછી થોડો સમય સરકારી નોકરી કરી ને છોડી દીધી. હાલ તે પોતાનો વ્યવસાય કરે છે. આજના સોશિયલ મીડિયાના જમાનમાં પણ એ વ્યક્તિ દર વર્ષે લગભગ ચારેક હજાર પોસ્ટકાર્ડ લખે છે. નિયમિત રીતે લખાતા પોસ્ટકાર્ડ દ્વારા તે પોતાના શાળા સમયના, કોલેજ કાળના ને તે પછીના સમયના મિત્રો, સ્નેહીઓ અને સંબંધીઓને તેઓના જન્મ દિવસ કે લગ્નની વર્ષગાંઠની શુભેચ્છાઓ પાઠવે છે. પોસ્ટકાર્ડમાં શુભેચ્છાઓની સાથે સાથે સફળ જીવન જીવવાની બે-ચાર ટિપ્સ પણ આપે છે. છેલ્લા પાંત્રીસેક વર્ષથી ચાલી આવતી આ નિયમિત પ્રવૃતિમાં એ વ્યક્તિના મિત્રવર્તુળમાં સતત ઉમેરો થતો ગ.ો છે. એ વ્યક્તિ જે મારો પણ મિત્ર છે તેને મેં પૂછ્યું કે જે કોઈ મિત્રો, સંબંધીઓ, સ્નેહીઓ કે તેમના કુટુંબીજનોને પોસ્ટકાર્ડ દ્વારા શુભેચ્છાઓ પાઠવે છે તેઓની સાથે માત્ર પોસ્ટકાર્ડ પૂરતા જ સંબંધો છે કે જીવંત સંબંધો છે ? એ મિત્રએ પણ આનંદ અને આશ્ચર્ય થાય એવો જવાબ આપ્યો. મિત્રએ કહ્યું કે જે કોઈને તે પોસ્ટકાર્ડ દ્વારા શુભેચ્છાઓ પાઠવે છે તે મિત્રોને જ માત્ર નહીં, પણ તેઓના દરેક કુટુંબીજનોને પોતે વ્યક્તિગત રીતે ઓળખે છે અને પોતે તેઓના સતત સંપર્કમાં છે. પ્રસંગોપાત એ મિત્રોને મળવાનું પણ બને છે અને સારા-નરસા પ્રસંગોએ એકબીજાના ઘરની મુલાકાત પણ થતી રહે છે. કાઠિયાવાડની કહેવત મુજબ 'વા ચૂકે, મે ચૂકે, પણ આ મિત્ર પત્ર લખવાનું ના ચૂકે' એમ આ મિત્ર સૌની સાથે સંબંધો પણ જીવંત રીતે નિભાવે છે.



કોઈપણ વ્યક્તિને અન્ય વ્યક્તિ સાથે નવી ઓળખાણ કરવી હોય તો ચપટી વગાડતાં જ થઈ જાય એ શક્ય છે. બે અજાણી વ્યક્તિ મળે, સ્મિત આપે, બે વાતો કરે, નામ પૂછે એકબીજાનું અને થઈ જાય ઓળખાણ.

ઓળખાણ થયા પછી એ ઓળખાણને સંબંધમાં પલટાવવી પણ સહેલું છે. ઓળખાણ થાય પછી સંપર્ક સ્થાન અને નંબરની આપ લે થાય, બંને છૂટા પડે ને ત્યાર પછી બંને વચ્ચે સમયાંતરે ફોન દ્વારા કે મેસેજથી વાતચીત થાય. નજીક રહેતા હોય ને શક્ય હોય તો બે-ચાર વાર મળવાનું થાય. આમ બંને વચ્ચે સંબંધ બંધાઈ જાય. આ વાત પણ બહુ મુશ્કેલ નથી.

સંબંધ બંધાયા પછી તે સંબંધોને વિકસાવવા માટે બંને પક્ષે સંનિષ્ઠ પ્રયત્નો કરવા પડે. સમયાંતરે પ્રસંગોપાત કે પ્રસંગો વિના પણ એકબીજાને મળવું પડે. એકબીજાના સતત સંપર્કમાં રહેવું પડે. એકબીજાના કૌટુંબિક પ્રસંગોમાં હાજરી આપવી પડે. બંને વચ્ચે વ્યવહારો નિભાવવા પડે. સંબંધો વિકસાવવા માટે બંને પક્ષે થોડું થોડું ત્યાગ કરવાની તૈયારી રાખવી પડે. કોઈપણ સંબંધો રાતોરાત વિકાસ ના પામે, તેના માટે થોડી રાહ પણ જોવી પડે.

સંબંધોનો વિકાસ થાય પછી એ સંબંધોને ટકાવવા કે નિભાવવા માટે ખૂબ જ મહેનત કરવી પડતી હોય છે. સંબંધો નિભાવવા માટે બંને પક્ષોની ધૈર્યની કસોટી થતી હોય છે. સંબધોને ટકાવવા હોય તો કોઈ જ પક્ષે લાભલાભની ગણતરી ના હોય, સંબંધોને ત્રાજવે તોળવાના ના હોય, કે સંબંધોનાં લેખાં-જોખાં ના હોય. સંબંધોને નિભાવવા માટે બંને પક્ષે ખેવના હોવી જોઈએ, બંને પક્ષને ત્યાગની ભાવના હોવી જોઈએ અને બંને પક્ષે એકબીજાને માન-સન્માન આપવાની ભાવના હોવી જોઈએ. સંબંધો નિઃશ્વાર્થ ભાવે કેળવાયેલા હોય તો જ લાંબો સમય ટકી શકે.

મારો એક બીજો મિત્ર છે. પોતાની નોકરી અને અન્ય પ્રવૃતિઓ અર્થે ઘણીવાર ગુજરાતનાં વિવિધ શહેરો અને ગુજરાત બહાર પણ મુલાકાત લેવી પડે અને ઘણા દિવસોનું ત્યાં રોકાણ કરવું પડે. ગુજરાતનું કોઈ એવું શહેર નહીં હોય કે જ્યાં મારા એ મિત્રને પોતાના અંગત મિત્રો ના હોય. ગુજરાત બહાર મોટા શહેરો માં પણ તેને ઘણા અંગત મિત્રો. એ મૈત્રી પણ એવી કે તેઓના ઘેર જઈને અધિકારપૂર્વક કહી શકે કે આજનું ભોજન પોતે મિત્રને ઘેર લેશે. આટલા બધા સંબંધો અને આવા નિકટના સંબંધો કેળવવા માટે એ મિત્ર એ તન - મન -ધન થી ભોગ આપ્યો છે. ઘણાં વર્ષોની મહેનત પછી આ પ્રકારના તેના સંબંધો બંધાયા છે અને લાંબો સમય સુધી ટકી રહ્યા છે.

એક યુવાને એક દિવસ મને એક વેધક સવાલ કર્યો કે શું સંબંધો એકદમ સો ટચના નિઃશ્વાર્થ સંબંધો હોઈ શકે ? બીજો સવાલ એ કર્યો કે જો સંબંધોમાથી આપણને કશું જ મળે નહીં તો એ સંબંધો શું કામના?

મેં એ યુવાનને પૂછ્યું કે 'કશું જ' એટલે શું ? તેની પાસે એ પ્રશ્નનો જવાબ ન હતો.

સાચા સંબંધો થકી વ્યક્તિને જે કંઈ મળે છે એ 'કશું જ'થી વિશેષ હોય છે. કોઈપણ પ્રકારની ગણતરી વિના ટકાવેલા સંબંધો થકી વ્યક્તિને પ્રેમ, લાગણી, વિશ્વાસનો અહેસાસ, સહાનુભૂતિ, માન-સન્માન મળે છે તેનું મૂલ્ય આંકી શકાતું નથી. અમૂલ્ય સંબંધો થકી જે મળે છે તે પણ અમૂલ્ય જ હોય છે. સ્વાર્થના નહિ પણ નિઃશ્વાર્થ ભાવે નિભાવેલા સંબંધો જ લાંબો સમય ટકી શકે છે.

મારા એક લેખના પ્રતિભાવરૂપે એક યુવતીએ કહેલાં શબ્દો 'આપણે વાવેલા સંબંધના વૃક્ષ કદાચ ફળ ના આપે, પણ સ્મશાનના લાકડા તો આપે જ' અહીં પણ એટલા જ લાગુ પડે છે.

વર્ષે ચારેક હજાર પોસ્ટકાર્ડ લખનાર પેલી વ્યક્તિએ સંબંધો બાંધવા, વિકસાવવા અને નિભાવવા માટે જે કંઇ મહેનત કરી છે, ત્યાગ કર્યો છે, સહન કર્યું છે, ભોગ આપ્યો છે તેનો હું મૂક સાક્ષી છું. કોઈપણ સંબંધોને ટકાવવા કે નિભાવવા એ ભીષ્મ પ્રતિજ્ઞા પાળવા જેટલું કઠિન છે. એ સર્વ કોઈના બળની વાત તો નથી જ પણ પ્રયત્ન કરીએ તો સફળતા મળે જ !

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
સુલતાન ૧૨.૧૫, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨**
સુલતાન ૧૦.૩૦, ૨.૦૦, ૫.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૩**
સુલતાન ૧૧.૩૦, ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
દાવ થઈ ગયો યાર ૧૨.૩૦, ૩.૦૦
સુલતાન ૫.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
સુલતાન ૧૧.૩૦, ૩.૦૦ ૬.૩૦, ૧૦.૦૦

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જુલાઈ માસ માટેનો વિષય છે :

**'મારી સ્નેહાળ સખી'**